**આંક ૧ લગત હુકમ**

**૧.** હાલના કામે ફરિયાદી પોલીસ કર્મી ધ્વારા આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ– ૮૫ મુજબના ગુના સબબ ફરિયાદ નોંધાવતા, સંબંધિત પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તપાસ કરનાર અમલદારે તપાસના આધારે આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ– ૮૫ મુજબના ગુના સબબ ચાર્જશીટ કરેલ છે. ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ, જેની બજવણી થતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા, તેઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે નકલો પુરી પાડવામાં આવેલ.

**૨.** કેસનુ રેકર્ડ ધ્યાને લેતા, આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો, ગુજરાત નશાબંધી અધિનિયમમાં તા.૧૯–૧૨–૨૦૧૬ ના રોજ નવો સુધારો અમલમાં આવ્યા બાદનો ગુન્હો છે. હાલની ફરિયાદ પોલીસ કર્મી ધ્વારા આપવામાં આવેલ છે તેમજ ચાર્જશીટ વંચાણે લેતા, પંચ સાહેદો સિવાયના અન્ય તમામ સાહેદો પોલીસ કર્મી છે. વધુમાં, ફરિયાદ અને પંચનામાની હકીકતો વંચાણે લેતા, બનાવ વખતે આરોપી ઉપદ્રવ કરતો હોય કે, કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય કે, ગાળો બોલતો હોય કે, અશ્લીલ ભાષા પ્રયોગ કરતો હોય, અગર કોઈ સ્ત્રી સાથે અશિષ્ટ કે બિભત્સ વર્તન કરતો હોય તેવી કોઈ હકીકત જણાતી નથી. પોલીસ કર્મી ધ્વારા તેમની ફરિયાદમાં આરોપી લથડીયા ખાતો હોવાના કે લવારી–બકવાટ કરતો હોવાના કે બિભત્સ વર્તન કરતો હોવાના સર્વસામાન્ય આક્ષેપો કરેલા છે. પરંતુ, આરોપી કલમ–૮૫ માં દર્શાવ્યા મુજબનુ વર્તન કરતો હોવા અંગેના કોઈ ચોકકસ શબ્દો કે હકીકતો ફરિયાદ કે પોલીસ નિવેદનોમાં જણાતી નથી કે, આરોપીએ જાહેરમાં પોતાની જાતને ખુલ્લી મુકી દીધેલ હોય તેવી પણ કોઈ હકીકત પ્રસ્તુત રેકર્ડ પરથી જણાતી નથી.

**3.** આ તબકકે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૮૫ ની જોગવાઈ ધ્યાને લેવાનુ આવશ્યક જણાય છે. જે નીચે મુજબ છે.

**85. Penalty for being drunk and for disorderly behavior:** (1) Whoever, in any street, throughfare, public, in any place to which public have or are permitted to have access, is drunk and creates nuisance, takes up any quarrel with any person, uses foul or abusive language, indulges in any fight with others, misbehaves with any woman or behaves obscenely, shall on conviction be punished with imprisonment for a term which may extend to three years but which shall not be less than one year with fine.

**૪.** કાયદાની ઉપરોકત જોગવાઈ જોવામાં આવે તો, આ કામે ઉપરોકત હકીકતો મુજબનો ગુનો બનતો હોય તેવી કોઈ હકીકત પ્રથમ દર્શનીય રીતે જ જણાઈ આવતી નથી. જેથી કહી શકાય કે, આ કામે આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૮૫ મુજબના ગુના સબબ તહોમતનામુ ફરમાવી શકાય તેટલો પ્રથમ દર્શનીય પુરાવો ઉપલબ્ધ નથી. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો

આ વિષય પરના ચુકાદો ધ્યાને લેવો આવશ્યક જણાય છે.

1. ASIM SHARRIF VS. NATIONAL INVESTIGATION AGENCY, CRIMINAL APPEAL NO(s). 949 OF 2019 (Arising out of SLP (Crl.) No(s). 1253 of 2019) ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, "19. Taking note of the exposition of law on the subject laid down by this Court, it is settled that the Judge while considering the question of framing charge under Section 227 CrPC in sessions cases (which is akin to Section 239 CrPC pertaining to Warrant cases) has the undoubted power to sift and weigh the evidence for the limited purpose of finding out whether or not a prima facie case against the accused has been made outl; where the material placed before the Court discloses grave suspicion against the accused which has not been properly explaned, the Court will be fully justified in framing the charge; by an large if two views are possible and one of them giving rise to suspicion only, as distinguished from grave suspicion aainst the accused, the trial Judge will be justified in discharging him. It is thus clear that while examining the discharge application filed under Section 227 CrPC, it is expected from the trial Judge to exercise its judicial mind to determine as to whether a case for trial has been made out or not. It is true that in such proceedings, the Court is not supposed to hold mini trial by marshalling the evidence on record."

**૫.** નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદા આધારે કહી શકાય કે, આરોપી સામે તહોમતનામુ ફરમાવવાના તબકકે કોર્ટે જયુડિશ્ચલ માઈન્ડ એપ્લાય કરવાનુ છે કે, આરોપી સામે આક્ષેપિત ગુના સબબ ઈન્સાફી કાર્યવાહી કરી શકાય તેટલો પ્રથમ દર્શનીય પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ છે કે કેમ ?

**૬.** હાથ પરના કેસની તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતા, આરોપી સામે ફકત ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ– ૮૫ મુજબના ગુના સબબબ ઈન્સાફી કાર્યવાહી કરી શકાય તેટલો પ્ર થમ દર્શનીય પુરાવો ઉપલબ્ધ હોવાથી, આરોપીને ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૮૫ મુજબના ગુના સબબ બિન તહોમત છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે. જયારે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૮૫, મુજબના ગુના સબબ પ્લી રેકર્ડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૭.** જો કોઈ બીનકીમતી મુદામાલ કબ્જે થયેલ હોય તો તેનો નાસ કરવો અને જો કીમતી મુદામાલ કબજે થયેલ હો તો વચગાળાનો હુકમ કાયમી કરવો.

હુકમ તારીખ ૧૪/૦૩/૨૦૨૬ નાં રોજ નેશનલ લોક અદાલતમાં વાચી, સંભળાવી જાહેર કર્યો.

શહેરા. (એ. આર. તાપીઆવાલા)
તા. ૧૪/૦૩/૨૦૨૬ એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, શહેરા.
કોડ નં.જી.જે.૦૦૭૩૩